## આપની આજ

નરેન્દ્ર શાહ (મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કન્યા

આજના ગ્રહોની કુંડળી




શુભ માલાયોગ છે. ગુરુ - સૂર્યનો તેમજ મંગળ - શુક્રનો પરસ્પર પરિવર્તન યોગ ગ્રહોને ઉચ્ચત્ત્વ બક્ષે છે.

**મેષ** રાશિપતિથી દ્રષ્ટ આપ સાહસ કરવા પ્રેરાશો. સાવચેતી વર્તવી.

**વૃષભ** પાંચમે ચંદ્ર રાહુની યુતિ. સંતાનોના પ્રશ્નો ઊભા કરે. શાંતિથી ઉકેલવા.

**મિથુન** ચોથે રાહુ - ચંદ્ર તેમજ સાતમે સૂર્ય ક્રોધ - વ્યગ્રતા અને અસંતોષ ઉદ્‌ભવે. ત્રીજે ગુરુ વડીલ મિત્રોની મદદ અપાવે.

**કર્ક** ચોથે મંગળ તેમજ સાતમે બુધ અવિચારી સાહસ કરાવે. તબિયતનું ધ્યાન રાખવું.

**સિંહ** ગુરુ પુરા અંશનો થતો હોઈ શુભ ફળ આપતો નથી. શુભકાર્યોમાં દાનપુણ્ય કરવાં.

**કન્યા** રાશિમાં ચંદ્ર - રાહુની યુતિથી ગ્લાનીયુક્ત રાખે. બારમે ગુરુ શુભ ખર્ચ કરાવે.

**તુલા** બારમે રાહુ - ચંદ્રની યુતિ. રાશિમાં મંગળ - ત્રીજે સૂર્ય ક્રોધી બનાવે. તોછડી ભાષાનો ઉપયોગ ન કરવો.

**વૃશ્ચિક** રાશિમાં શનિ શુક્રની યુતિ સારી છે પણ બારમે મંગળ ખોટું સાહસ કરાવે. મંગળ - શનિ - સૂર્ય રાશિની આસપાસ હોઈ નુકસાન કરાવે.

**ધન** રાશિમાં સૂર્ય ગુરુથી દ્રષ્ટ હોઈ શુભ નવપંચમ યોગ થાય છે. તંદુરસ્તી સાચવવી. દસમે ચંદ્ર - રાહુની યુતિને કારણે ધંધામાં ઉથલપાથલ થાય.

**મકર** રાશિમાં બુધ વિચારવાયુ કરાવે. નેગેટીવ વિચારો આવે. ડર રાખ્યા વિના પોતાના કાર્યોમાં આગળ વધવું.

**કુંભ** સાતમે ગુરુ અને દસમે શુક્ર શનિની યુતિ સારી છે પણ બારમે બુધ ખોટો નિર્ણય લેવડાવી નુકસાન કરાવે.

**મીન** આઠમે મંગળ તેમજ ચંદ્ર - રાહુની સાતમા સ્થાનમાં યુતિને કારણે મુશ્કેલીમાં ન મુકી જાઓ તે જોવું. સાવચેતી રાખવી - ભક્તિ કરવી.

## સેંસેક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ એસ એન્ડ પી ૫૦૦ ઈન્ડેક્સમાં આશરે ૪૫ શેરમાં હિસ્સેદારી વધારી દીધી છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૬માં ૨૦૧૪ જેવી તેજી જોવા મળી શકે છે જેના લીધે સેંસેક્સ અને નિફ્ટી બંને ઉંચી સપાટીએ પહોંચશે. બજેટ બાદ સેંસેક્સ ૩૧૦૦૦-૩૨૦૦૦ની ઉંચી સપાટી સુધી પહોંચી શકે છે. શેરબજાર માટે પણ આશા દેખાઈ રહી છે.

## ૮૦ લાખની લૂંટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શુક્રવારે બપોરે ૩-૩૦ કલાકે બનાસ બેંકની બાપલા તથા ખીમન શાખાના કર્મચારીઓ બનાસ બેંક ધાનેરા શાખામાં કેશ લેવા માટે આવ્યા હતા. પોલીસે સમગ્ર મામલામાં તરત જ ઉંડી તપાસ હાથ ધરી છે.

માહિતી મુજબ લૂંટારૂઓ સફેદ કલરની ગાડીમાં આવ્યા હતા અને કોઈ પણ વ્યક્તિ તેમની યોજના સમજે તે પહેલા ગોળીબાર શરૂ કરી દીધો હતો અને લૂંટ ચલાવી હતી. કર્મચારીઓ ગાડીમાં રોકડ રકમ લઈને નીકળ્યા હતા. વચ્ચે ખીમણ ગામ આવતા શાખાની રૂ. ૩૫ લાખની રોકડ રકમ ઉતાળ્યા બાદ રવાના થયા હતા.

આજે ૪.૦૦ વાગ્યાની આસપાસ ગાડીમાં ચાર શખ્સો આવી પહોચ્યા હતા. અને તમંચા દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગોળીબાર કરતા ડ્રાઈવર ગાડી મુકીને ભાગી ગયોહતો.

ત્યાર બાદ ગાડીમાં રહેલા પાંચ લોકોએ બે કર્મચારીઓને મારમારીને ગાડીમાં રહેલા ૮૦ લાખ રૂપિયાની લૂંટ કરીને ફરાર થઈ ગયા હતા. આ સદર્ભમાં તરતજ પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બનાવથી ભારે ખળભળાટ મચી ગયો હતો.

## લોકશાહીનું ચિરહરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દબાણ શાખાની મુદત વધારવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવે છે. તેની જાહેરાત કરી સભાનું કામકાજ પૂર્ણ થયેલું જાહેર કર્યું હતું.

મેયરના વલણ અને જવાબથી આક્રામક બનેલા કોંગી સભ્યોએ તેમને ઘેરવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો હતો અને તેમના ટેબલ પર કોંગી સભ્યો ધસી આવ્યા હતા.

કોંગી સભ્યોને રોકવાનો સાર્જન્ટ દ્વારા પ્રયાસ થતાં કોંગીની મહિલા સભ્યો આગળ આવી હતી અને ટેબલ ખસેડી તેમનો હાથ ખેંચવાના પ્રયાસ કર્યા હતા. આ દરમિયાન તેમની સાડીનો છેડો પણ નીકળી ગયો હતો.

જો કે તુરત જ સલામતી આવવા માટે ભાજપના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન રાકેશ પટેલ, શી શંકરભાઈ ચૌધરી અને તેમના સ્ટાફના અંગત કર્મચારીઓ અને સાર્જન્ટ આવી પહોંચ્યા હતા અને કોર્ડન કરી મેયરને ઓફિસ સુધી લઈ ગયા હતા. જો કે આ દરમિયાન પણ અંતરાયો ઉભા કરવાનો કોંગી કાઉન્સીલરોએ સતત પ્રયત્ન કરતાં વાતાવરણમાં તીવ્ર ઉગ્રતા આવી ગઈ હતી.

આ પછી કોંગ્રેસ સભ્યોએ મેયરને મળવાનો આગ્રહ કરતાં પૂર્વમેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે એ બહાર આવી કોંગી સભ્યો સાથે તૂતૂ-મૈંમૈંની ભાષામાં વાતો કરી શાંતિ રાખવા જણાવ્યું હતું. કોંગીના જીતુ રાયકા, મીનાબા વાઘેલા તેમજ ભાવનાબા વાઘેલા અને પીન્કી પટેલ સહિતના યુવા સભ્યો બહુ આક્રમક મૂડમાં દેખાતા હતા. એક જ દરખાસ્ત અને વારંવાર મુલત્વી રાખવાનું શું કારણ છે તેવા સવાલો પણ ઉઠાવ્યા હતા.

જો કે શૈલેન્દ્રસિંહ બિહોલા અને ચીમન વિંઝુડા તથા પ્રવિણ પટેલ સહિતના આગેવાનોની સમજાવટ પછી તેઓએ મેયર કચેરીની બહાર સૂત્રોચ્ચાર સાથે જવા રવાના થયા હતા.



લવારપુર સ્થિત શ્રી સ્વામીનારાયણ દ્વિ-શતાબ્દી સ્મારક હાઈસ્કૂલનો વિદ્યાર્થી હર્ષિદ પટેલ અન્ડર-૧૪ કબડ્ડી નેશનલ કક્ષાએ પસંદગી પામ્યો છે. આ વિદ્યાર્થી ટૂંક જ સમયમાં છત્તીસગઢ ખાતે યોજાયેલ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા રવાના થશે. સ્કૂલના વિદ્યાર્થીની સિદ્ધિ બદલ શાળાના પ્રમુખ આર. એસ. પટેલ, મંત્રી ગુણવંતભાઈ પટેલ, આચાર્ય એસ. ડી. ચૌધરી તેમજ વ્યાયામ શિક્ષિકા કોમલબેન પટેલ તથા ભાવેશ વાઘેલાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# નૂતન વર્ષના પ્રારંભે જ પોસ્ટ ઓફિસ વ્યવહારો બંધ રખાતા નારાજગી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની મુખ્ય પોસ્ટ ઓફિસે નૂતનવર્ષના પ્રારંભે જ નાણાંકીય વ્યવહારો બંધ રખાતા શહેરના પેન્શનર્સમાં નિરાશા જોવા મળી હતી.




પોસ્ટ ઓફિસમાં સીબીએસ સીસ્ટમ લાગુ પાડવાની હોઈ તા. ૧ લી થી ૪ થી જાન્યુઆરી દરમિયાન નાણાંકીય કામકાજો બંધ રાખવામાં આવ્યા છે જે તા. ૪ થી જાન્યુઆરી સોમવારથી પુનઃ કાર્યરત થશે.

કર્મચારી નગરી ગાંધીનગરમાં પેન્શનર્સ મોટી સંખ્યામાં વસવાટ કરે છે. મોટા ભાગના પેન્શનર્સ વયોવૃદ્ધ અને મધ્યમવર્ગીય હોવાથી તેમની આર્થિક જરૂરિયાતો માટે દર માસે મળતા પેન્શનનો આધાર ખૂબ અગત્યનો છે. આ કારણે લગભગ દર માસની પહેલી તારીખે પોસ્ટ ઓફિસ પેન્શનર્સની લાંબી કતારો જોવા મળે છે. પેન્શન ઉપરાંત પણ અન્ય નાણાંકીય વ્યવહારો માટે પેન્શનર્સ પોસ્ટ ઓફિસનો બહોળો ઉપયોગ કરે છે. આ સાથે અનેક નગરજનો પણ પોસ્ટ ઓફિસની વિવિધ સેવાઓ મેળવે છે.

પોસ્ટ ઓફિસમાં મોટાભાગની સેવાઓ માટે દર માસે ૧ લી થી ૫ મી દરમિયાન વિશેષ ભીડ રહેતી હોય છે. આ તારીખ દરમિયાન જ જો સેવાઓ બંધ હોય તો તમામ નાગરિકોને પરેશાનીનો ભોગ બનવું પડે છે.

ગાંધીનગરની સે. ૧૧ ની મુખ્ય પોસ્ટ ઓફિસે આજે વર્ષ ૨૦૧૬ના પ્રારંભના પ્રથમ દિવસે જ 'સીબીએસ' સીસ્ટમ દાખલ કરવાની હોવાથી ચાર દિવસ પોસ્ટ ઓફિસનું કામકાજ બંધ રહેશે તેવી નોટીસ લગાડવામાં આવેલી હતી. આ નોટીસ જોઈ અનેક પેન્શનર્સ અને અન્ય નાગરીકો જેઓ પોસ્ટમાં વિવિધ કાર્યો માટે ગયા હતા તેમને ધરમધક્કો પડતા નિરાશા ઉપજવા પામી હતી. વળી, આ સેવાઓ સતત ચાર દિવસ સુધી બંધ રહેવાની હોવાથી ખાસ કરીને નિયમિત પેન્શન લેવા આવેલા પેન્શનર્સ આગામી દિવસોમાં આર્થિક આયોજન કેવું કરવું તેની ચિંતામાં ગરકાવ થઈ જવા પામ્યાં હતા. અનેક મધ્યમવર્ગીય પેન્શનર્સે પેન્શનના નાણાં મેળવી તેને પોતાના નાણાંકીય વ્યવહારો અને જરૂરિયાતો ઉકેલવા આગોતરું આયોજન કરી રાખ્યું હોય છે જે આ માસની પહેલી તારીખે જ ખોરવાઈ જતા તેમના માટે વર્ષ ૨૦૧૬નો પ્રારંભ નિરાશાજનક જણાયો હતો.

જો કે પોસ્ટ ઓફિસના સત્તાવાળાઓએ સીબીએસ સીસ્ટમથી આગામી સમયમાં સુવિધા વધુ ઝડપી બનશે તેથી એકવાર તકલીફ આપવા બદલ દિલગીરી પણ વ્યક્ત કરતા મુલાકાતીઓને પાછા વળવાનું મુનાસીબ માન્યું હતું. ઘણા મુલાકાતીઓએ આ પ્રકારના કાર્યો મહિનાના પ્રારંભે ના રાખવા જોઈએ તેવા મત સાથે બળાપા પણ વ્યક્ત કર્યા હતા.

# ખેરોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબની ગેરહાજરીને લીધે પ્રજા પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મામાં નજીકના ખેરોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વારંવાર તબીબોની અનિયમિતતા ને લઈ દવાખાને આવતા બિમાર દર્દીઓને ભારે પરેશાની વેઠવી પડે છે. બીજી તરફ પ્રસુતિ જેવા કેસમાં પણ નર્સિંગ સ્ટાફ દ્વારા જ કામ ચલાવવામાં આવે છે. જેથી અનેકવાર પ્રસુતિના કેસ ગંભીર બની જવાના કિસ્સા બની ગયા છે. ત્યારે આવા તબીબો સામે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સત્વરે પગલાં લેવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત સરકાર દ્વારા છેવાડાના માનવીને આરોગ્યલક્ષી સેવાઓ તુરંત મળી રહે તે માટે અને સુવિધાઓ ગામડામાં જ ઉભી કરવામાં આવી છે. આ જ હેતુસર ખેડબ્રહ્મામાં નજીકના ખેરોજ ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. જયાં નજીકના મોટા ઊંબોર, ટેબડી, મહુડી, ચાગોદ, રતનપુર બુબડીયા વગેરે ગામોમાં દર્દીઓ સારવાર અર્થે અહીં આવે છે. આ દર્દીઓની સારવાર માટે તંત્ર દ્વારા બે તબીબ સહિતના સ્ટાફના કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવી છે. અને તબીબ સહિતના સ્ટાફને રહેવા માટે કર્વાટર પણ ફાળવવામાં આવ્યા છે. પરંતુ તબીબ અને મોટા ભાગના કર્મચારીઓ સાંજના ૪ વાગ્યા પછી પોતાના વતન પરત થઈ જાય છે. અને બીજા દિવસે ૧૦ વાગ્યા પછી જ આરોગ્ય કેન્દ્ર પર આવે છે. આથી સાંજ પછી આસપાસના ગામના દર્દીઓ એ તબીબોની ગેરહાજરીને લીધે છેક ખેડબ્રહ્મામાં સુધી લાંબા થવાની ફરજ પડે છે.

વારંવાર ગેરહાજર રહેતા તબીબો અને કર્મચારીઓ સામે કડક પગલા લેવામાં આવે તેવું સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.

# કલોલ રવિકૃષિ મહોત્સવ પ્રસંગે ૧૭૪ ખેડૂતોને રૂા. ૪૧.૪૫ લાખની સહાય



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે રવિકૃષિ મહોત્સવ પ્રસંગે ગુજરાત ઘેટા અને ઉન વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી ભવાનભાઈ ભરવાડે જણાવ્યું હતું કે, કલોલ તાલુકાના ખેડુતોએ બાગાયત પાકો અપનાવીને પાંચ હજાર ટન શાકભાજી અમદાવાદના માર્કેટને પૂરી પાડે છે. રાજય સરકારે ગ્રામીણ ક્ષેત્રમાં પાયાના વિકાસ કામો કરીને સાથોસાથ ખેડૂતોને કૃષિ, બાગાયત અને સિંચાઈની યોજનાઓના લાભો આપ્યા છે.

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ વેલ્ફેર બોર્ડના અધ્યક્ષ શ્રી ડૉ. અનિલભાઈ પટેલ જણાવ્યું હતું કે, કૃષિ મહોત્સવ દ્વારા નવા સંશોધનો અને આધુનિક ખેત પધ્ધતિની ગ્રામીણ અર્થતંત્ર અને ખેડૂતોનું આર્થિક ઉપાર્જન વધુ મજબૂત બન્યું છે. કૃષિક્ષેત્રે ખેડૂતોની જાણકારી માટે આઈ-ખેડૂત પોર્ટેલ ખૂબ ઉપયોગી છે. કલોલ તાલુકા જિલ્લાના અન્ય તાલુકાની સરખામણીએ ડ્રીપ ઈરીગેશનમાં ચોથાક્રમે હોઈ કલોલ તાલુકાના ખેડૂતો આયોજનાનો વધુ લાભ લેવા જણાવ્યું હતું. આ કૃષિ મેળામાં કૃષિ, બાગાયત, અને અન્ય મળી કુલ ૧૭૪ ખેડૂતોને રૂપિયા ૪૧.૪૫ લાખની સહાય આપવામાં આવી હતી. જયારે તાલુકા કક્ષાના બેસ્ટ આત્મા એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણી, ધારાસભ્યો સર્વશ્રી શંભુજી ઠાકોર, શ્રી અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતોને કૃષિપાકોના વાવેતર, પાણીનો ઉપયોગ અને પશુપાલન અંગે કૃષિ વૈજ્ઞાનિક દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુંહતું. જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી મહાવીરસિંહ વાઘેલા, નાયબ બાગાયત નિયામક શ્રી જે.આર.પટેલ સહિત વિશાળ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.

# માલપુરના આંકલીયા ગામે માથાભારે પત્નીએ પતિને ખાટલાનો પાયો ઝીંકી હત્યા કરી

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના આંકલીયા ગામમાં ૩૧ મી ડિસેમ્બરે વિતેલા વર્ષનો પતિ તરીકે જિંદગી જીવતા વ્યક્તિઓ છેલ્લો દિવસ બન્યો હતો. માલપુરના આંકલીયા ગામે ગૃહકંકાસ જેવી સામાન્ય બાબતમાં પત્નીએ પતિના માથાના ભાગે ખાટલાનો પાયો ઝીંકી પતિને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ૨૦૧૫નો અંતિમ દિવસ રક્તરંજિત બનતા ચકચાર મચી હતી.

માલપુર તાલુકાનાં આંકલીયા ગામે રહેતા ભાયાભાઈ મસાર (ઉ.વ. ૪૦ વર્ષ) ગુરુવારે વહેલી સવારે ઘરમાં ઊંઘી રહ્યા હતા ત્યારે તેમનાં પત્ની લક્ષ્મીબેને અચાનક ઉશ્કેરાઈ જઈ નિંદ્રાધીન પતિના માથામાં ખાટલાના પાયાનો ઉપરાછાપરી ઘા કરતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા અને લોહી વહી જતાં ભાયાભાઈનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ દરમિયાન ભાયાભાઈના બે બાળકો અવાજથી જાગી ગયા હતા અને માતાનું રોદ્ર સ્વરુપ અને પિતાને લોહીલુહાણ જોતા બૂમાબૂમ કરી ઘરની બહાર દોડી ગયા હતા અને મોટી બહેન બહાર કામ કરતી હતી તેને આ અંગે જાણ કરતા એકાએક ઘરમાં ખેયાલેયી ખૂની હોળીથી અચંબિત બની જતા બૂમાબૂમ કરી તેમના ઘરની નજીક રહેતા કાકાને જાણ કરતાં પરિવારજનો તાબડતોબ દોડી આવ્યા હતા અને આક્રંદ કરી મુકયું હતું.

કોકિલાબેન પોતાના પિતાનું તેની માતાએ જ ખૂબ કરી નાખતા આ અંગે માલપુર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. ત્રણ બાળકો ધરાવતાં પરિવારમાં માતાએ જ પતિનું ખૂબ કરી નાખતા આખો પરિવાર નોધારો બની ગયો હતો આ અંગેની જાણ માલપુર તાલુકા અને સમગ્ર પ્રથખમાં થતા ખૂની મહિલા સામે ફિટકાર વરસાવ્યો હતો.

મૃતક ભોયાભાઈની પત્ની પુત્રી, કોકિલાબેને જણાવ્યું હતું કે મારી માતા લક્ષ્મીબેન મારા પિતાને કામકાજ બાબતે અવારનવાર ઝઘડો કરીને અને જે હાથમાં આવે તેના વડે પિતાને માર મારતી હતી. બે વર્ષ અગાઉ પણ મારી માતાએ પપ્પાને મારઝૂડ કરી હાથ આમળી દેતા હાથ ભાગી ગયો હતો. માતા લક્ષ્મી ઝનૂની સ્વભાવની કોઈ વાતવાતમાં મારા પપ્પા સાથે ઝઘડો અને મારઝૂડ કરતી હતી. મારી માતાના નિર્દય ક્રૂર બની પિતાની હત્યા કરતા મારા નાના બંને ભાઈઓ અને હું છત્રછાયા ગુમાવી દેતા આવનારા સમય મારા માટે કપરા થઈ પડશે.

# ભિલોડામાં રવિ કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો

## કોંગ્રેસના હોદ્દાદારો અને કાર્યકરો ધ્વારા વિરોધ પ્રદર્શન કરાયુ

ભિલોડા, તા. ૧

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં રવી કૃષિ મહોત્સવનો કાર્યક્રમ સહકારી જીનમાં યોજાયો હતો. ૯૪ ખેડુત લાભાર્થીઓને રૂા. ૨૭,૪૦,૪૬૪/-ના



સહાયના ચેકો અર્પણ કરાયા હતા. આ પ્રસંગે આશીષભાઈ દવે અધ્યક્ષ શહેરી વિકાસ સત્તા મંડળ ગાંધીનગર, સુધીરભાઈ પટેલ ઈ.કલેક્ટર, આનંદ આચાર્ય ડે.કલેક્ટર, ડૉ.સરગરા નાયબ પશુપાલન નિયામક મોડાસા, જે.બી.મોડીયા ટી.ડી.ઓ. ભિલોડા, જી.કે.પટેલ મામલતદાર ભિલોડા, ધીરૂભાઈ પ્રજાપતી અરવલ્લી જીલ્લા ભાજપ મહામંત્રી, ગુણવંતભાઈ ત્રિવેદી ઉપપ્રમુખ અરવલ્લી જીલ્લા ભાજપ, લાલસિંહજી ચૌહાણ, નીલાબેન મડીયા, અમરતલાલ બરંડા, ભવાનભાઈ તરાર, મનોજભાઈ પટેલ, નરસિંહભાઈ પટેલ, જશુભાઈ પટેલ સહિત અગ્રણી હોદ્દેદારો, કાર્યકરો, ખેડુતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આશિષભાઈ દવેએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કૃષિ મહોત્સવ ઉત્સવ થકી ખેડુતોને સીધેસીધી સહાય મળી મળી રહે છે. અરવલ્લી જીલ્લામાં ૯,૦૦૦/-થી વધુ ખેડુતોને રૂા. ૭૦૦ લાખ થી વધુની સહાય રવિ કૃષિ મહોત્સવમાં આપવાની છે. આઝાદી મળ્યા પછી ૧૯૮૫ થી ૧૯૯૫ સુધી ૧૧ વર્ષના



સમયગાળા દરમ્યાન ભુતકાળની સરકારએ રૂા. ૫૯૧ કરોડ ફાળવેલ હતા. જ્યારે ૧૯૯૫ થી ૨૦૧૨ સુધીમાં ભાજપ સરકારએ રૂા. ૨૬,૭૪૬/-કરોડ એટલે કે ૩૩ ગણો વધારો ખેડુતો માટે સહાય રૂપે ફાળવેલ છે. હાલના તબક્કે રવિ કૃષિ મહોત્સવનો વિરોધ કરતી કોંગ્રેસની સરકારે કૃષિ ક્ષેત્રે વર્ષ-૨૦૧૧-૨૦૧૨-૨૦૧૩-૨૦૧૪ ભારત સરકારે ગુજરાત સરકારને એવોર્ડ આપેલ હતા.

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં રવી કૃષિ મહોત્સવનો અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, ભિલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ કુંદનબેન ડામોર, ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવત, ભિલોડા તાલુકા પંચાયત સદસ્ય મુકેશભાઈ પટેલ, ધાર્મિકભાઈ પટેલ, વનરાજભાઈ ડામોર, કંદર્પભાઈ પટેલ સહિત ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતીના હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા વિરોધ પ્રદર્શન કરાયું હતું. ૨૫ થી વધુ કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોની પોલીસ ધ્વારા અટકાયત કરાઈ હતી.

# પરિણામ નબળું આવતા ધોરણ-૧૧ સાયન્સનાં વિદ્યાર્થીનો ગળે ફાંસો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સેકટર-૫બી ખાતે રહેતા ૨૫ વર્ષીય કિશોરે પોતાના ઘરે ગઈ મોડી સાંજે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ધોરણ-૧૧ સાયન્સમાં અભ્યાસ કરતા આ વિદ્યાર્થીનું પરિણામ નબળું આવ્યું હોવાથી આ પગલું ભર્યું છે. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરુ કરી છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૧ના વિજ્ઞાન પ્રવાહનું પરિણામ બે દિવસ અગાઉ જાહેર કર્યું હતું જેમાં સંસ્કૃતના ગુણમાં છબકડા બહાર આવતા ગઈ કાલે પરિણામ સુધારા સાથે જાહેર કર્યું હતું. આ પરિણામ જાહેર થયા બાદ સે-૫બી પ્લોટ નં. ૬૬૬/૨ ખાતે રહેતા ૧૫ વર્ષીય વિદ્યાર્થી કૃણાલ નરેન્દ્રભાઈ શર્માને નબળું પરિણામ આવતા લાગી આવ્યું હતું. સવારથી જ બેચેન થઈ ગયેલા કૃણાલે ગઈ કાલે મોડી સાંજે એકાંતનો લાભ લઈ પોતાના ઘરે જ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સેકટર-૭ પોલીસે ઘટનાની જાણ થતા બનાવ સ્થળે પહોંચી અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# માનસિક રીતે વિશિષ્ટ ભૂલકાંઓના ચહેરા પર સ્મિત ઝળક્યું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર 'હેન્ડ્સ ફોર હેલ્પ' ગ્રુપના યુવાનો દ્વારા નવવર્ષની તદ્દન નવો ચીલો ચાતરતી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત યુવાનોએ તા. ૩૧મી ડિસે. ૨૦૧૫ની રાત્રીએ ગાંધીનગર ફુટપાથો પર ઠંડીથી ઠુંઠવાતા જરૂરિયાતમંદો માટે ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૧૬ના પ્રારંભે તા. ૧ લી જાન્યુઆરીએ સરગાસણ ખાતેના માનવ સ્મૃતિ વિકાસ સંસ્થાના બાળકો સાથે કેક કાપી નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી.

'હેન્ડ્સ ફોર હેલ્પ' સંસ્થાના યુવાનો દ્વારા નવા વર્ષની ઉજવણી ડાન્સ એન્ડ ડ્રિન્કસની પાર્ટી કે ઘોંઘાટ-આતશબાજી જેવા કાર્યક્રમો કરાવાને બદલે સેવાકાર્ય થકી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોઈકના જીવનમાં ઉપયોગી થવું તે જ સાચી ઉજવણી છે તેવું માનતા આ યુવાનોએ સરગાસણની માનવ સ્મૃતિ વિકાસ શાળાના માનસિક રીતે વિશિષ્ટ બાળકો સાથે કેક કાપી, વિવિધ રમતો રમાડી તેમને નાસ્તો કરાવી ઉજવણી કરી હતી. રોજીંદા જનજીવનથી દૂર રહી ગયેલા આ બાળકોના ચહેરા પર યુવાનોએ ખિલખિલાટ ભર્યું હાસ્ય રેલાવી દીધું હતું. આ સેવાકાર્યમાં 'હેન્ડ્સ ફોર હેલ્પ' સંસ્થાના ધર્મેન્દ્ર પરમાર અને જયેન્દ્રસિંહ સોલંકી સાથે વિજયસિંહજી રાણા અને અંજનાબેન નિમાવત જોડાયા હતા.